
# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૧૨





મારી સુવર્ણપુરીમાં સીમંધરજી પધારીયા રે;
શ્રી જિનેન્દ્રદેવના વૈભવની શી વાત,
મારે આંગણ આજે કલ્પવૃક્ષ ઊગીયો રે,
મારું હૈડું હરખે હલમલ હલમલ થાય,
મારા ઉરમાં આજે સોના સૂરજ ઊગીયો રે.

–ફાગણ સુદ–બીજ, (૭૨ મો પ્રતિષ્ઠાદિન)

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ હે વત્સ! વિષય–કષાયોને છોડીને મનને આત્મામાં સ્થિર કર, એમ કરવાથી ચાર ગતિના ચૂરા કરીને તું અતુલ પરમાત્મપદને પામીશ. ૧૨૫૪.

*(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા– ૧૯૮)*

❀ પ્રશ્ન :—અવધીરણા (નિંદા, અવહેલના–અવજ્ઞા, ઉપેક્ષા) ક્યાં કરવી ?

ઉત્તર :—દુષ્ટ પુરુષ, પર સ્ત્રી અને પરધનની સદાય ઉપેક્ષા કરવી જોઈએ—તેમનાથી સદાય દૂર રહેવું જોઈએ. (દુષ્ટ પુરુષ, પર સ્ત્રી અને પારકા ધનના પરિચયની સદા અવહેલના કરવી જોઈએ.) ૧૨૫૫.

*(શ્રીમદ્ રાજર્ષિ અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક– ૧૮)*

❀ જૈનધર્મમાં તો એવી આમ્નાય છે કે—પહેલાં મોટું પાપ છોડાવી, પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. તેથી એ મિથ્યાત્વને સાત વ્યસનાદિથી પણ મહાન પાપ જાણી પહેલાં છોડાવ્યું છે. માટે જે પાપના ફળથી ડરતો હોય તથા પોતાના આત્માને દુઃખસમુદ્રમાં ડૂબાડવા ન ઈચ્છતો હોય, તે જીવ આ મિથ્યાત્વ-પાપને અવશ્ય છોડો. ૧૨૫૬. *(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ-૬, પાનું– ૧૯૮)*

❀ પરિગ્રહવંત સમ્યગ્દષ્ટિ પણ અનુભવને કોઈ કોઈ વેળા કરે છે, તેઓ પણ ધન્ય છે–મોક્ષનો સાધક છે; જે સમયે અનુભવ કરે છે તે સમયે સિદ્ધ સમાન અમ્લાન આત્મતત્ત્વને અનુભવે છે. એકદેશ સ્વરૂપ અનુભવમાં સ્વરૂપ અનુભવની જાત પીછાણી છે. અનુભવ પૂજ્ય છે–પરમ છે–ધર્મ છે–સાર છે–અપાર છે, ઉદ્ધાર કરે છે, અવિકાર છે, ભવપાર કરે છે, મહિમાને ધારણ કરે છે, દોષને હરવાવાળો છે અને તેનાથી ચિદાનંદનો સુધાર છે. ૧૨૫૭. *(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ પાનું–૯૫)*

❀ ક્ષીણ હો ગયા હૈ મોહ જિસકા ઔર શાંત હો ગયા હૈ કલુષ કષાયરૂપ મૈલ જિસકા ઐસે સમભાવોમેં આરૂઢ હુએ યોગીશ્વરકો આશ્રય કરકે હરિણી તો સિંહકે બાલકકો અપને પુત્રકી બુદ્ધિસે સ્પર્શ કરતી વા પ્યાર કરતી હૈ ઔર ગઉ હૈ સો વ્યાઘ્રકે બચ્ચેકો પુત્રકી બુદ્ધિસે પ્યાર કરતી હૈ. માર્જારી હંસકે બચ્ચેકો સ્નેહકી દૃષ્ટિસે વશીભૂત હો સ્પર્શતી હૈ તથા મયૂરની સર્પકે બચ્ચેકો પ્યાર કરતી હૈ. ઈસી પ્રકાર અન્ય પ્રાણી ભી જન્મસે જો બૈર હૈ ઉસકો મદ રહિત હો છોડ દેતે હૈં. યહ સામ્યભાવકા હી પ્રભાવ હૈ. ૧૨૫૮. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ– ૨૪, શ્લોક– ૨૬)*


દંસણમૂલો ધમ્મો।
ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ-૬
અંક-૬

**આત્મધર્મ**

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૮
February
A.D. 2012



# જિન-મંદિર આદિ બધું કાળનું ઇંધન છે



(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૬૧)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજો અધિકાર ચાલે છે. યોગીન્દુદેવ શું કહે છે જુઓ!

શુદ્ધ ચૈતન્ય ધ્રુવ વસ્તુ સિવાય જે કોઈ ચીજો પર્યાયથી દેખાય છે તે બધી નાશવાન છે. માટે પોતાના માટે એક આત્મા જ ધ્રુવ છે. આ શૈલી પ્રવચનસારની ૧૯૨-૯૩ ગાથામાં આવે છે કે ધ્રુવ તો એક આત્મા છે. देहा वा दविणा.....अप्पा। ૧૯૩।

આત્માને, જે પરદ્રવ્યથી અભિન્ન હોવાને લીધે અને પરદ્રવ્ય વડે ઉપરક્ત થતાં સ્વધર્મથી ભિન્ન હોવાને લીધે અશુદ્ધપણાનું કારણ છે એવું (આત્મા સિવાયનું) બીજું કાંઈપણ ધ્રુવ નથી, કારણ કે તે અસત્ અને હેતુવાળું હોવાને લીધે આદિ-અંતવાળું અને પરતઃ સિદ્ધ છે, ધ્રુવ તો ઉપયોગાત્મક શુદ્ધ આત્મા જ છે. આમ હોવાથી હું અધ્રુવ એવા શરીરાદિકને—તેઓ ઉપલબ્ધ થતાં હોવા છતાં પણ ઉપલબ્ધ કરતો નથી, ધ્રુવ એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું છું.

આ પ્રવચનસારની ૧૯૩મી ગાથાની ટીકા છે. એ જ રીતે સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ આદિ ઘણા ગ્રંથોના બીજડાં આ પરમાત્મપ્રકાશમાં પડ્યા છે. યોગીન્દુદેવની શૈલી આ આચાર્યો જેવી જ છે.

અહીં ગાથા ૧૩૦મા એ જ ભાવ કહેવો છે.

ભાવાર્થ :—નિર્દોષિ પરમાત્મા શ્રી અરિહંતદેવ—તેમની પ્રતિમા બિરાજમાન કરવા માટે ગૃહસ્થોએ દેવાલય (મંદિરો) બનાવ્યા છે તે વિનાશીક છે....કેમ કે એ કોઈ ધ્રુવ ચીજ નથી. ઘડીમાં વિલય પામી જાય છે. ધ્રુવ તો એક તારા માટે અનાદિ-અનંત સનાતન-શાશ્વત ચૈતન્યદેવ જ છે, તે એક જ અવલંબન—આશ્રય અને દૃષ્ટિ કરવા લાયક છે.



જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા કેમ બિરાજમાન કરવામાં આવે છે? કે જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત આનંદ આદિ ગુણોના સ્મરણમાં નિમિત્તકારણ હોવાથી દેવાલયમાં પ્રતિમા બિરાજમાન કરવામાં આવે છે. અક્રિયબિંબ ભગવાનને દેખીને—અહો! અનંતદર્શન-જ્ઞાન ને આનંદમાં ભગવાન લીન થઈ ગયા છે! એમ સ્મરણ થઈ આવે છે તે માટે મંદિરમાં ભગવાનની પ્રતિમા પધરાવાય છે. ભગવાનને દેખવાનો હેતુ જ આ છે કે ભગવાનના અનંત જ્ઞાન-આનંદ આદિ ગુણોને દેખીને દર્શન કરનારને પોતાના એવા ગુણોનું સ્મરણ થાય છે.

'દેવાલય' ભગવાનની પ્રતિમાના રક્ષણ અર્થે છે અને 'ભગવાનની પ્રતિમા' તેમના અનંત જ્ઞાનાદિ ગુણને દેખીને પોતાના ગુણોના સ્મરણના હેતુ માટે છે. જેવા ભગવાન બિરાજમાન છે એવો જ હું છું—એવું સ્મરણ થાય માટે પ્રતિમા બિરાજમાન કરાય છે. બીજો હેતુ ધર્મની પ્રભાવનાનો હોય છે. લોકોને શુભરાગ આવે, ભગવાનનું સ્વરૂપ ખ્યાલમાં આવે, તેથી ધર્મ પ્રભાવના થાય એવો હેતુ રાખીને ભવ્ય જીવોએ દેવાલયમાં ભગવાન બિરાજમાન કર્યા હોય છે. તે પણ કાળક્રમે વિનાશ પામે છે કેમ કે એ કાંઈ ધ્રુવ ચીજ નથી, નાશવાન છે.

જુઓને જબલપુરમાં હુલ્લડ થયું અને થોડા દિવસ પછી જ અમે ત્યાં ગયા હતા એટલે જોયું કે ભગવાનના પ્રતિમા નીચે નાખી દીધેલાં, માથું અલગ કરી નાંખેલું....શું થાય! શુભરાગમાં ખેદ થાય પણ જે નાશવાન છે તે ક્યાંથી અવિનાશી થાય! માટે, એકત્વબુદ્ધિથી ખેદ ન કરવો. બહારનો સંયોગ તો બનવાનો હોય તે બને જ. જબલપુર ગામની અંદરમાં આવું બન્યું બોલો!

અરે! એકત્વપણું તો અહીં આત્મામાં કરવા જેવું છે. નાશવાન ચીજમાં એકત્વ કર્યું શા કામનું! ભલે ભગવાનના પ્રતિમા શુભભાવમાં નિમિત્ત છે પણ એ કાંઈ ધ્રુવ નથી. આ તો જિનમંદિર અને જિનપ્રતિમાની વાત થઈ, તે સિવાય અન્ય દેવોના મંદિર અને અન્યદેવની પ્રતિમાઓ પણ નાશવાન જ છે.

જૈનશાસ્ત્રની વાત કરીએ તો, વીતરાગ નિર્વિકલ્પ આત્મતત્ત્વથી લઈને અજીવ આદિ સકળ પદાર્થોનું નિરૂપણ કરનારા છે. જૈનશાસ્ત્ર આત્માનું સ્વરૂપ જ એવું કહે છે કે આત્મા રાગરહિત, અભેદ, નિર્વિકલ્પ સ્વભાવભાવસ્વરૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પો તે આસ્રવ છે અને શરીર, કર્મ આદિ અજીવતત્ત્વ છે. આ બધાનું નિરૂપણ કરનારાં શાસ્ત્રો જોકે અનાદિ પ્રવૃત્તિની અપેક્ષાએ નિત્ય છે તોપણ વક્તા, શ્રોતા, પુસ્તક આદિની અપેક્ષાએ નાશવાન જ છે, કાળના ઈંધન છે. અનાદિથી તેની પરંપરા ચાલી આવે છે પણ તેના વક્તા, શ્રોતા, શાસ્ત્રો તો નવા નવા થાય છે અને નાશ પામે છે.

જૈન સિવાય (ઉપરાંત) જે સાંખ્ય, પાતંજલ આદિ પરશાસ્ત્ર છે તે પણ બધા વિનાશીક જ છે.

આ દેવ અને શાસ્ત્રની વાત કરી. હવે ગુરુ કેવા હોય છે તેની વ્યાખ્યા કરીને પછી તે પણ નાશવાન છે એમ બતાવે છે. ગુરુ કેવા હોય? કે (૧) જિનદીક્ષા એટલે વીતરાગભાવની દીક્ષા આપવાવાળા હોય, (૨) લોકાલોકના પ્રકાશક એવા અનંત જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ પરમાત્મદશાને રોકવાવાળા મિથ્યાત્વ અને રાગાદિ પરિણત મહા અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરવા માટે જેના વચનો સૂર્ય સમાન છે, જેનો મોહાંધકાર દૂર થઈ ગયો છે એવા મહામુનિ ગુરુ છે, તેઓ પણ વિનશ્વર છે.

જુઓ, ગુરુ કેવા કહ્યા! એક તો જિનદીક્ષાના દેવાવાળા એટલે વીતરાગીભાવના આપવાવાળા છે એમ કહ્યું છે. બીજું, કેવળજ્ઞાનાદિ ગુણથી પૂર્ણ પરમાત્મસ્વરૂપ આત્માને પર્યાયમાં તે ગુણોથી રોકનારા એવા મિથ્યાત્વ અને રાગાદિ અજ્ઞાન અંધકારને દૂર કરવામાં જે સૂર્ય સમાન છે એ ગુરુની વાણી એવી નીકળે કે મોહાંધકાર દૂર થઈ જાય. ગુરુની વાણી ભવ્યોના મોહનો નાશ કરવામાં નિમિત્ત છે. માટે તેને મોહ-રાગ-દ્વેષનો નાશ કરનારા કહ્યા છે.

પણ.....આવા ગુરુ પણ વિનશ્વર છે. જુઓને! ધરસેના આચાર્યદેવે પુષ્પદંત અને ભૂતબલિ મુનિરાજને પોતાની પાસેથી રજા આપી દીધી કેમ કે પોતાની વૃદ્ધાવસ્થા હતી તેથી આયુ પૂરું થશે તો મુનિઓને ખેદ થશે એટલે મોકલી દીધાં.

આવા ગુરુઓ પણ હે જીવ! તારા માટે તો નાશવાન છે (કેમ કે તેમનો સંયોગ કાયમ નહિ રહે).

આવા ગુરુઓથી વિપરીત જે અજ્ઞાની તાપસ મિથ્યાગુરુ જગતમાં છે તે પણ ક્ષણભંગુર છે–નાશવાન છે.

હવે તીર્થ પણ નાશવાન છે એમ કહે છે સાથે મોક્ષમાર્ગનું સ્વરૂપ પણ બતાવી દીધું છે કે સંસારરૂપી સમુદ્રને તરવાનું કારણ જે નિજ શુદ્ધાત્મ તત્ત્વની ભાવનારૂપ જે નિશ્ચયતીર્થ–તેમાં લીન પરમ તપોધનનું નિવાસસ્થાન સમ્મેદશિખર, ગિરનાર આદિ તીર્થ પણ વિનશ્વર છે.

પોતાનું ત્રિકાળ શુદ્ધ આત્મતત્ત્વ જે અનંતગુણનું પવિત્ર ધામ છે તેની એકાગ્રતારૂપ ભાવના છે તે નિશ્ચયતીર્થ છે. સંસારથી તરવાનો ઉપાય એ છે. બહારના તીર્થ તો વ્યવહારતીર્થ છે.

શ્રોતા :—ઈ સમજાણું નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—બહુ સારી વાત. કહે છે કે નિજ શુદ્ધ સ્વભાવરૂપ આત્માની એકાગ્રતા એ સંસાર સમુદ્રથી તરવાનો ઉપાય છે. માટે તેને તીર્થ કહેવામાં આવે છે. નિજ આત્મામાં એકાગ્રતાની વાત છે. પરમાત્મા શુદ્ધ છે પણ એ પર છે, તેમાં એકાગ્રતાની વાત નથી. પોતાનો પરમાત્મા જે શુદ્ધ ચિદ્ઘન છે તેની સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન સહિતની એકાગ્રતા છે તે સંસારથી તરવાનો ઉપાય અર્થાત્ મોક્ષમાર્ગ છે. માટે તેને નિશ્ચયતીર્થ કહેવામાં આવે છે.

ભગવાન આત્મા—આખો પૂર્ણ શુદ્ધ પદાર્થ છે તે નિજ પરમાત્મા છે. વસ્તુદ્રષ્ટિએ તે પુણ્ય-પાપના વિકલ્પ, શરીર અને કર્મથી ભિન્ન છે, અનંતગુણનો પિંડ છે એવા આત્મસ્વભાવમાં એકાગ્રતારૂપ ભાવના એ જ સંસારરૂપી ઉદયનો અભાવ કરવા માટે ઉપાય છે તેથી તેને તીર્થ કહેવામાં આવે છે.

સમ્મેદશિખર, ગિરનાર, શત્રુંજય આદિ બાહ્યતીર્થ તો તરવામાં નિમિત્ત છે પણ ત્યાં ગયા કરે કે દેખ્યા કરે તો કાંઈ એ તને તારી નહિ દે. તારું તીર્થ તો તારામાં છે. ભગવાન શુદ્ધ પ્રભુમાં એકાગ્ર થતાં નિર્મળ જ્ઞાનાનંદના કિરણો પ્રગટ થાય તેમાં સ્નાન કરનાર જીવ તરીને પાર થઈ જશે.

નિશ્ચયતીર્થમાં લીન એવા પરમ તપોધન–સંતો કે જેની પાસે તપરૂપી લક્ષ્મી છે

એટલે આનંદરૂપી લક્ષ્મી છે, ઈચ્છાના અભાવ સ્વરૂપી લક્ષ્મી જેની પાસે છે એવા પરમ તપોધનને અતીન્દ્રિય આનંદની પ્રગટદશા વર્તે છે એવી સંપદાના—ધનના ધણીઓનું નિવાસસ્થાન સમ્મેદશિખર, ગિરનાર આદિ વ્યવહાર તીર્થ છે. તેથી શુભભાવમાં તેનું બહુમાન આદિ હોય છે પણ અહીં કહે છે કે તે તીર્થો પણ વિનશ્વર છે.

મૂળ, તો જ્યાં તીર્થંકર આદિ ધ્યાનમાં બિરાજતાં હતાં અને ત્યાંથી કેવળ પામી મોક્ષ પધાર્યા તે એ જ સ્થાનેથી સમશ્રેણીએ ઉપર સિદ્ધાલયમાં બિરાજે છે, સાદિ અનંતકાળ ત્યાં બિરાજમાન રહેવાના છે માટે તે સ્થાનમાં ભગવાનું સ્મરણ થાય છે. જે સ્થાનમાં સમશ્રેણીએ પ્રભુ બિરાજે છે તે સ્થાને જતાં ભગવાનનું સ્મરણ થાય છે કે ભગવાન અહીં ઉપર બિરાજે છે એવા સ્મરણ માટે યાત્રા કરવામાં આવે છે. નેમિનાથ ભગવાન ગિરનારથી મોક્ષ ગયા છે માટે અસંખ્યપ્રદેશી અનંતગુણધામ નેમિનાથ ભગવાનનો આત્મા એ જ ક્ષેત્રે ઉર્ધ્વસ્થાનમાં બિરાજી રહ્યા છે, એક પ્રદેશ આઘો-પાછો નથી, સમશ્રેણીએ છે. તેમની યાદ માટે યાત્રા છે. અહા! અહીંથી ઉપર ભગવાન બિરાજે છે!

અમારે પ્રથમવાર સમ્મેદશિખરની યાત્રાએ જવું હતું ત્યારે જ મોટરમાં બેસવાનું શરૂ થયું. પહેલાં ક્યારેય બેસેલ નહીં, પણ એ તો જવું હતું તેથી બેઠા. બાપુ! વ્યવહારનો એકદમ નિષેધ પણ ન થાય અને એ જે વ્યવહાર-વિકલ્પ આવ્યો છે તે ધર્મનું કારણ છે એમ પણ નથી. અહો! પરમાત્મા આ સ્થાનમાં બિરાજ્યા હતા! કેવળજ્ઞાન અહીં પામ્યા હતા, મુક્તિ પણ અહીં જ થઈ હતી. આ સ્થાનથી બરાબર ઉપર ભગવાન સિદ્ધ બિરાજે છે. આ રીતે અનંતા તીર્થંકરો, ભગવંતો જ્યાં જ્યાંથી મોક્ષ પામ્યા ત્યાં ઉપર બિરાજમાન છે. માટે, યાત્રામાં કાંઈ નથી એમ એકાંત ન હોય. જ્યારે ભક્તિનો ભાવ આવે ત્યારે એમ થાય કે અહો! પ્રભુ ક્યા બિરાજતાં હતા? ક્યાંથી મોક્ષ પધાર્યા? અત્યારે ક્યાં બિરાજે છે? જ્યારથી મોક્ષ ગયા ત્યારથી સાદિ અનંતકાળ એ જ ક્ષેત્રે સ્થિત રહેશે....એવા સ્મરણ માટે, વિશેષ ખ્યાલમાં લેવા માટે યાત્રા હોય છે.

શ્રોતા :—તીર્થસ્થાનોમાં આત્મ-આરાધન સહેલું પડતું હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભગવાનનું સ્મરણ કરીને, અંતરમાં ઉતરે તો સહેલું પડે. ભગવાન પ્રત્યે ભક્તિ હોવાથી ભક્તને યાત્રા આદિનો ભાવ આવ્યા વિના રહે નહિ. લૌકિકમાં પણ એવું હોય છે ને! અમારા ગામમાં (ઉમરાળામાં) એક બ્રાહ્મણ પરિવાર

રહેતો હતો. સાધારણ સ્થિતિને કારણે મકાન વેચીને બીજે રહેવા ગયાં. અમુક સમય પછી પૈસા થઈ ગયા એટલે 'મા' એના દીકરાને કહે છે ભાઈ! ગમે તેમ કરીને આપણા જૂના મકાન તું ફરીને લઈ લે...આપણે ત્યાં રહ્યા છીએ, તારા બાપુજી ત્યાં રહેતાં હતાં, તારો જન્મ ત્યાં થયેલો એ બધી યાદગીરી એ ઘરમાં છે માટે મકાન લઈ લે. બા! પણ કેટલા રૂપિયા લાગી જશે! મા કહે છે અરે! એમાં રૂપિયાની ગણતરી ન હોય ભાઈ! તરત દીકરો પેલાં ઘરના માલિક પાસે જઈને કહે છે, તમારે જે રકમ લેવી હોય તે આંકડો મૂકો પણ, મને મકાન આપો. પેલાએ દસ હજારનો આંકડો મૂક્યો, તે આપીને મકાન લઈ લીધું. જે મકાનના કોઈ હજાર-પંદરસો પણ ન આપે તેના દશ હજાર આપીને પણ મકાન શું કામ લીધું? કે તેમાં પોતાના બાપ-દાદાની યાદગીરી હતી. તેમ, ભગવાન જ્યાં બિરાજતાં હતાં એ સ્થાનમાં ભગવાનનું સ્મરણ થાય છે કે અમારા વડદાદા તીર્થંકર હતા, અમે તેમના કુળના કેડાયત છીએ, અમારા ધર્મપિતા આ સ્થાનથી મોક્ષ પધાર્યા છે તેના સ્મરણ માટેના આ સ્થાન છે.

મકાન વેચનાર ભૂલ્યો. એણે દશની જગ્યાએ વીસ હજારનો આંકડો મૂક્યો હોત તોપણ આ માનો દીકરો લઈ લેત કેમ કે તેને પોતાની માની આજ્ઞા હતી, પોતાનું જૂનું મકાન ગમે તે ભાવે લેવાની તૈયારી હતી. તેમ, આ ત્રણલોકના નાથ જ્યાં બિરાજતાં હશે, જ્યાં અજોગદશા થઈ હતી, ત્યાં જ મુક્તિ પામ્યા હતાં એવા સ્મરણો આ સ્થાનમાં થાય છે તેથી ભક્તને તીર્થ પ્રત્યે ભક્તિ અને યાત્રાનો ભાવ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ! પ્રભુ! તમે પરમાત્મા થઈ ગયા તેમ મારે પણ પરમાત્મપણું લીધે છૂટકો છે—એમ અંદરમાં ભાવના ઉછળે છે. સમ્મેદશિખર, ગિરનાર, શત્રુંજય આદિ આવા તીર્થ છે પણ તે પણ નાશવાન છે એમ અહીં કહેવું છે.

જુઓને! અત્યારે સમ્મેદશિખરની સ્થિતિ કેવી છે! અનાદિથી સત્ય એક દિગંબરધર્મ જ હતો. સમ્મેદશિખરમાં દિગંબર મુનિઓ જ વિચરતા હતા પણ હવે બધું ફરી ગયું. ૧૨ વર્ષનો દુકાળ પડ્યો પછી ફેરફાર થઈ ગયો. અત્યારે તો ૬૦૦ વર્ષ થઈ ગયા. કોઈ વાત માને નહિ. શું થાય! કાળ જ ફરી ગયો છે. ગિરનારમાં પણ બાવાઓએ સ્થાન જમાવ્યું છે. જ્યાં બળદેવ, વાસુદેવ જેવા પુરુષો ભગવાન નેમિનાથ પાસે જઈને કહેતાં, ચરણ ચૂમ્બતા...અહો નાથ! અમારા કુળમાં આપે જન્મ લીધો તેથી અમારા કુળ પણ ઉજ્જવળ બન્યા. મારી ગતિ તો બીજી છે પણ પ્રભુ તરા કુળનો હું તર્યે છૂટકો છે. ભક્તિમાં શ્રીકૃષ્ણ કહે છે કે નહિ જાઉં, નહિ જાઉં, પ્રભુ! હું નરકે નહિ

જાઉં...જેવો તેવો પણ તારો બંધવ જગતમાં હું કહેવાણો. હું નરકે નહિ જાઉં....આમ સજ્જાયમાં આવે છે.

ભગવાનની દિવ્યધ્વનિમાં આવે છે કે શ્રીકૃષ્ણ! તમે આવતી ચોવીશીમાં અમારા જેવા તીર્થંકર થવાના છો તમે ખેદ ન કરો (શ્વેતામ્બરમાં આમ આવે છે) આવા સ્મરણો માટે તીર્થો છે પણ તે નાશવાન છે. જિનતીર્થ સિવાય અન્ય યતિઓના નિવાસ એવા જે પરતીર્થ પણ બધા નાશવાન છે. જે ચીજ નાશવાન છે તે કાંઈ રહેતી હશે! બે વર્ષ પહેલાં દક્ષિણમાં રામેશ્વરનું મોટું ધામ હતું તે દરિયાનું પાણી આવ્યું તેમાં ખલાસ થઈ ગયું. પુણ્યનો યોગ હોય ત્યાં સુધી રહે પછી ખલાસ થઈ જાય.

જેના મુખમાંથી આ વાણી નીકળી તે પરમાત્મા કેવા હતા! નિર્દોષ—નિર્દોષ—જેને દોષનો એક અંશ પણ રહ્યો નથી, અનંત ચતુષ્ટય પ્રગટ થયા છે એવા સર્વજ્ઞ વીતરાગદેવ જે સમવસરણમાં બિરાજે છે અને જેની વાણી ખરે છે, જેમાં બારઅંગની રચના થાય છે તે વેદ છે. છદ્મસ્થની વાણી નહિ પણ સર્વજ્ઞની વાણીમાંથી વહેલાં દ્વાદશાંગ સિદ્ધાંત જોકે સદા સનાતન છે તોપણ ક્ષેત્રની અપેક્ષાએ વિનશ્વર છે. કોઈ સમયે, કોઈ ક્ષેત્રમાં હોય છે, કોઈ સમયે નથી હોતા. ભરત અને ઐરાવત ક્ષેત્રમાં ક્યારેક પ્રગટ થઈ જાય છે તો ક્યારેક વિલય પામે છે અને મહાવિદેહક્ષેત્રમાં જોકે પ્રવાહ અપેક્ષા શાશ્વત છે પણ દ્વાદશાંગના વક્તા અને શ્રોતા બદલાતાં રહે છે.

મહાવિદેહક્ષેત્ર કદી તીર્થંકર વિનાનું ખાલી ન હોય. સદાય તીર્થંકર ત્યાં હોય જ. એક એક મહાવિદેહમાં ૩૨ ભાગ છે. તેમાંથી ૮-૮ ભાગમાં ૧-૧ તીર્થંકર તો સદાય બિરાજમાન હોય જ. એ રીતે એક મહાવિદેહમાં ચાર-ચાર તીર્થંકર મળીને કુલ ૨૦ તીર્થંકર સદાય બિરાજમાન હોય જ. કુલ પાંચ મહાવિદેહ છે. એક અહીં જમ્બૂદ્વીપમાં છે, બે મહાવિદેહ ધાતકીખંડમાં છે અને બે પુષ્કરદ્વીપમાં છે. આમ, દ્વાદશાંગ સિદ્ધાન્ત કહેનારા તીર્થંકરો તો સદાય હોય જ છે પણ એક તીર્થંકર મોક્ષ જાય ત્યાં બીજા તીર્થંકર થાય છે એમ વક્તા બદલતા રહે છે અને શ્રોતા પણ નવા નવા આવતાં રહે છે.

વક્તા અને શ્રોતાનું ચક્ર બદલાતું જ રહે છે. કહેનારા બીજા અને શ્રોતા પણ બીજા આવતા જાય છે એમ આખું ચક્કર બદલાતું રહે છે એ અપેક્ષાએ નાશવાન છે.

અન્યમતિઓ દ્વારા કહેવામાં આવેલું હિંસારૂપ વેદ પણ વિનશ્વર છે. યજ્ઞમાં બલિ ચડાવવાથી ધર્મ થાય એવા હિંસારૂપ વેદ પણ સદાય રહેતા નથી. બધું વિનશ્વર છે.

શુદ્ધ જીવાદિ પદાર્થોનું વર્ણન કરવાવાળી સંસ્કૃત પ્રાકૃત છટાવાળી એટલે આકર્ષક–મધુર ગદ્ય અને પદ્યવાળી કાવ્યરચના કે જેમાં વિચિત્ર કથાઓ પણ હોય છે તે પણ વિનશ્વર છે. દીપચંદજીના અનુભવપ્રકાશમાં લખાણ અમુક એવું છે કે ગદ્યમાં પણ વાંચી શકાય અને પદ્યરૂપે પણ વાંચી શકાય એવી રચનાઓ, તીર્થંકર ગણધર આદિની કથાઓ જે સુંદર કાવ્યમાં રચાયેલી છે તે પણ બધી કાળક્રમે વિનશ્વર છે. કાવ્યના રચનારા પણ લોપ થઈ ગયા અને કાવ્યો પણ લોપ થઈ ગયા. ભગવાન એક ચિદાનંદ સદાય રહેલો છે. બાકી બધું નાશવાન છે. ખોટા કવિઓ દ્વારા પ્રકાશિત ખોટા કાવ્યો પણ લોપ થઈ ગયા. આમ જે જે વસ્તુઓ સુંદર કે અસુંદર દેખાય છે તે બધી કાળરૂપી અગ્નિનું ઈંધન થઈ જવાની છે. પરમાણુનો પિંડ સ્કંધરૂપે પરિણમ્યો છે તે છૂટો પડી જશે. તેનું નામ તે ભસ્મ થઈ ગયા. ભસ્મ એટલે કે કાંઈ પરમાણુનો નાશ થઈ જતો નથી. પરિણમન બદલાઈ જાય છે. ભગવાનને કર્મ ભસ્મ થઈ ગયા છે એનો અર્થ શું! કે પરમાણુ કર્મરૂપ હતા તે અકર્મરૂપ થઈ ગયા. કાંઈ પરમાણુનો નાશ થતો નથી, તેની પર્યાય બદલાય છે. પર્યાય સદાય એકરૂપ રહેતી નથી પણ પર્યાય વિનાનું દ્રવ્ય કદી રહેતું નથી. બીજી પર્યાય થાય છે.

તાત્પર્ય એ છે કે બધું ભસ્મ થઈ જશે. પરમાત્માની ભાવનાથી રહિત એટલે કે પોતાના શુદ્ધસ્વભાવની એકાગ્રતાથી રહિત જે જીવ છે તે જ કર્મોનું ઉપાર્જન કરે છે. અંતરમાં એકાગ્રતા કરે તેને કર્મો બંધાત નથી. અંતરની એકાગ્રતા વિનાના જીવને જ્યારે વનસ્પતિ નામકર્મનો ઉદય હોય છે ત્યારે તે વૃક્ષ થાય છે અને વૃક્ષ ફાલે છે અને વળી બળીને ભસ્મ થઈ જાય છે. જ્યારે ફાલે છે ત્યારે એક-એક વૃક્ષમાં અનેક ફૂલ થાય છે. કેટલાંક તો પંચરંગા ફૂલ હોય છે. ઉપર સફેદ તો નીચે લાલ, ઉપર લાલ નીચે લીલાં પાન ફળ્યા-ફૂલ્યા દેખાય છે પણ તે જ વળી બધા ઈંધન થઈ જાય છે. ફૂલ ઘણા જોયા છે ને! એક જ પાંદડીમાં ઉપર બીજો રંગ અને નીચે બીજો રંગ હોય છે પણ અંતે એ બધું નાશવાન છે. સંસારના બધા ઠાઠ ક્ષણભંગુર છે–એમ જાણી પંચ ઈન્દ્રિયના વિષયમાં મોહ ન કરવો. જે ક્ષણભંગુર છે તેની ચિંતા કે ભાવના કરવાથી તે ક્યાં રહેવાના હતા! માટે, તે કોઈ ઉપાદેય નથી. માત્ર જાણવાયોગ્ય છે. આદરવાયોગ્ય તો એક નિજ ધ્રુવ આત્મસ્વભાવ છે કે જે મેરૂપર્વતની જેમ ધ્રુવ ભગવાન છે, જે કદી હલાવ્યો હલે તેમ નથી, નાશ થાય તેમ નથી. તેનું શરણ લે! તો તેમાં દૃષ્ટિ ટકે ને શાંતિ થાય.

બાકી ક્યાંય શરણ નથી. આમ જાણી બહારમાં પાંચ ઈન્દ્રિયના શુભ કે અશુભ કોઈપણ વિષયોનો મોહ ન કરવો. વિષયનો રસ તો સર્વથા ત્યાગવા યોગ્ય છે.

હવે કહે છે કે જોકે પ્રથમ અવસ્થામાં ધર્મતીર્થની પ્રવૃત્તિનું નિમિત્ત જિનમંદિર, જિનપ્રતિમા, જિનધર્મ તથા જૈનધર્મીમાં પ્રેમ કરવો યોગ્ય છે. પણ તે બધું નાશવાન છે. નાશવાન છે માટે અમારે કાંઈ વિકલ્પ કરવો નથી એમ ન હોય. પહેલી અવસ્થામાં આ બધું આવે, સાધર્મીઓ પ્રત્યે પ્રેમ આવે, મુનિઓ પ્રત્યે પ્રેમ આવે. સાચું સગપણ સાધર્મીતણું રે લોલ....સાધર્મી ધર્મી પ્રત્યે, મુનિ પ્રત્યે, ભગવાન પ્રત્યે પ્રેમ અને ભક્તિ આવે. નવદેવ છે ને! પાંચ પરમેષ્ઠી, ભગવાનની પ્રતિમા, જિનધર્મ, જિનવાણી, જિનમંદિર એ નવદેવ છે. તેમના પ્રત્યે પ્રેમ કરવો યોગ્ય છે.

તોપણ શુદ્ધાત્માની ભાવનાના સમયે આ ધર્માનુરાગ પણ નીચા દરજ્જાનો ગણવામાં આવે છે કેમ કે ત્યાં તો માત્ર વીતરાગભાવ જ છે. શુદ્ધોપયોગરૂપ ધ્યાનમાં એકલો વીતરાગભાવ જ હોય છે. પ્રથમની ભૂમિકામાં—ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનમાં જ્યાં સુધી સ્વરૂપમાં ઠરી ન શકે ત્યાં સુધી શુભરાગ આવે છે. સ્વરૂપમાં ઠરી જાય પછી વિકલ્પ ન હોય.

નિશ્ચયની સાથે વ્યવહાર હોય છે પણ શરણ તેનું નથી, શરણ તો પરમાર્થે સ્વભાવનું જ છે.

આગળ, શુદ્ધાત્મસ્વરૂપથી અન્ય જે સામગ્રી છે તે બધી વિનશ્વર છે એમ વ્યાખ્યાન કરે છે.

एक्कु जि मेल्लिवि बंभु परु भुवणु वि एहु असेसु।
पुहवहिँ णिम्मउ भंगुरउ एहउ बुज्झि विसेसु॥१३१॥

અર્થ :—એક શુદ્ધ જીવદ્રવ્યરૂપ પરબ્રહ્મ સિવાય આ લોકમાં જે સમસ્ત પદાર્થોની રચના છે તે બધી વિનાશીક છે. આ વિશેષવાતને તું જાણ! તારા પરમબ્રહ્મ ભગવાન સિવાય બધું નાશવાન છે.

ભાવાર્થ :—શુદ્ધ સંગ્રહનયથી સમસ્ત જીવરાશિ એક છે. જેમ અનેક પ્રકારના વૃક્ષોથી ભરેલું વન એક કહેવાય છે તેમ, અનેક પ્રકારના જીવ જાતિ અપેક્ષાએ એક કહેવાય છે. એકેન્દ્રિય હો, બે ઈન્દ્રિય...પંચેન્દ્રિય હો પણ બધા જાતિ—અંદરમાં આત્મા....આત્મા...આત્મા એક જાતના જ છે. તેથી સંગ્રહનયથી તે બધાને એક

કહેવામાં આવે છે. તે બધા જીવો અવિનાશી છે. ધ્રુવ ચૈતન્યમૂર્તિ આત્મા એકેન્દ્રિયમાં હો કે પંચેન્દ્રિયમાં હો એ અભવિ હો પણ તે બધા એક જાતના છે અને અનાદિ-અનંત અવિનાશી અને શુદ્ધ ધ્રુવ છે અને તે બધાની દેહની રચના જુદી જુદી અને વિનાશીક દેખાય છે.

શુભ-અશુભકર્મથી જે દેહાદિક આ જગતમાં રચવામાં આવ્યા છે તે બધાં વિનાશીક છે. દેહ, વાણી, મન બધું નાશવાન છે. જે શરીર ધમધમાટ કરતું ચાલતું હોય તે જ શરીર માખીને પણ ઉડાડી ન શકે એવું શિથિલ થઈ જાય છે. બધાં મોટા મોટા દેશનો સૌથી મોટો પહેલવાન ગામા ચાલતી મોટરને ઊભી રાખી દેતો હતો એ જ માણસ અંત સમયે માખી પણ ઉડાડી શકતો ન હતો. શરીરની શક્તિ ક્ષણભંગુર છે. દવા ખાતાં ખાતાં પણ માણસ જીવતો રહેતો નથી. મોટા કરોડપતિ પણ મરી જાય છે ને! દવા કે પૈસા કોઈ એને મરણથી બચાવી શકે તેમ નથી. કર્મથી રચાયેલું જે કાંઈ છે તે બધું નાશવાન જ છે—એમ હે પ્રભાકર ભટ્ટ! તું વિશેષ જાણ! દેહાદિકને અનિત્ય જાણ અને જીવને નિત્ય જાણ!

જગતની રચના તો બધી જ્ઞાતાનું જ્ઞેય છે. તેમાં ક્યાંય મારાપણું કરવા જેવું નથી. મારાપણું કરવા જેવો એક તારો ભગવાન છે. નજરે નિધાન જો અને એ નિધાનમાં નજર કરીને ઠર! બાકી દેહ અનિત્ય, વાણી અનિત્ય બધી સામગ્રી અનિત્ય છે. નિત્ય એક દરેકનો આત્મા છે. જે નિત્ય....નિત્ય નિત્ય છે તે જ આત્મા છે. નિર્મળ જ્ઞાનદર્શનસ્વભાવ પરમબ્રહ્મ (શુદ્ધ જીવતત્ત્વ)થી ભિન્ન જે પાંચ ઈન્દ્રિયોનું વિષયવન છે તે ક્ષણભંગુર છે. મોટું ઈન્દ્રિયવિષયનું વન દેખાય છે પણ તે કાંઈ તારી સાથે આવવાનું નથી. અહીં જ ઈંધન થઈ જવાનું છે તેને કોઈ મદદગાર થવાનું નથી.

કરોડોના મોટા મંદિર કરાવ્યા હોય તેને મૂકીને પોતે ચાલ્યો જાય છે અથવા પોતે જીવતો હોય ત્યાં વીજળી પડે ને મંદિર નાશ પામી જાય. હજુ તો ચાર મહિના પહેલાં બનાવ્યું હતુ ને આમ નાશ થઈ ગયું! ભાઈ! નાશવાન ચીજની તો આવી જ દશા છે. તેની શી આશા!

આમ, બધાં સંયોગને નાશવાન જાણી, ભગવાન પરમબ્રહમની દૃષ્ટિ અને એકાગ્રતા કરવા જેવી છે એમ આ ગાથાનો સાર છે. *(ક્રમશઃ)*

❀

વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## સર્વદર્શિત્વશક્તિ

(विश्वविश्वसामान्यभावपरिणतात्मदर्शनमयी सर्वदर्शित्व शक्तिः।)

જ્ઞાનસ્વરૂપ આત્માની અનંત શક્તિમાં એક 'સર્વદર્શિત્વ' શક્તિ છે. આત્માના સ્વભાવમાં કેવી શક્તિઓ છે, કેવા ધર્મો છે, તે ઓળખે તો આત્માનો અનુભવ થાય. ક્ષેત્રથી આત્મા ભલે નાનો, લોકના એક નાના ભાગમાં રહેલો છે પણ તેનો સ્વભાવ કાંઈ નાનો નથી; એનો સ્વભાવ તો અનંત લોકાલોકને જાણવા–દેખવાનો છે. લોકના અસંખ્યાતમાં ભાગમાં રહેલો (–કેવળી સમુદ્ઘાત વખતે સર્વલોકમાં ફેલાય છે, તે સિવાય લોકના અસંખ્યાતમાં ભાગમાં રહેલો) આ આત્મા પોતાના અસંખ્યપ્રદેશોમાં અનંતશક્તિથી ભરેલો છે; ને એકેક શક્તિમાં અનંત અચિંત્ય અપાર સામર્થ્ય છે. આવો આત્મા લક્ષમાં આવતાં તેનું માહાત્મ્ય આવે ને સંયોગી ચીજનું કે વિકારનું માહાત્મ્ય ટળી જાય; નિજમહિમા વડે સ્વભાવ–સન્મુખ થતાં તેનો અનુભવ થાય, આનંદ આવે ને નિર્મળતા પ્રગટે એનું નામ ધર્મ છે ને તે મુક્તિનો પંથ છે.

ત્રીજી 'દૃશિ' શક્તિમાં દર્શનગુણ વર્ણવ્યો તેમાં જોકે સર્વદર્શિપણું ગર્ભિત છે, દર્શન અને સર્વદર્શિપણું એ બે કાંઈ જુદી જુદી પર્યાયો નથી પણ દર્શનગુણનું સર્વદર્શિરૂપ સામર્થ્ય પર્યાયમાં પરિપૂર્ણ ખીલી ગયું તે આ સર્વદર્શિત્વમાં બતાવ્યું છે. સર્વદર્શિત્વપણું કેવું છે? કે આત્મદર્શનમય છે એટલે કે આત્મા પોતાને દેખતાં આખા વિશ્વને દેખી લ્યે છે, વિશ્વને દેખવા માટે વિશ્વ તરફ ઉપયોગ જોડવો પડતો નથી. અંતરમાં સર્વને દેખવાના સ્વભાવપણે આત્મા પરિણમ્યો તે આત્માની દર્શનમયી સર્વદર્શિશક્તિ છે એટલે ઉપયોગ બહારમાં નથી મૂકવો પડતો.

સર્વદર્શિપણું એ દૃશ્યમાન પદાર્થમય નથી, રાગમય નથી પણ આત્મદર્શનમય છે એટલે આવા સર્વદર્શિસ્વભાવને પ્રતીતમાં લેનાર સાધક જાણે છે કે મારી દર્શનપરિણતિ પણ દૃશ્યમાન પરદ્રવ્યના આશ્રયે નથી, રાગના આશ્રયે નથી પણ

આત્માના આશ્રયે છે. આમ શક્તિના નિર્મળકાર્યને ઓળખતાં ભેદજ્ઞાન થાય છે. દ્રવ્ય-ગુણમાં રહેલું દર્શનસામર્થ્ય જ્યારે પૂરું ખીલી જાય છે ત્યારે સમસ્ત વિશ્વને સામાન્યપણે દેખવારૂપે આત્મા પરિણમી જાય છે.–આત્માની આવી દર્શનમયી સર્વદર્શિત્વ શક્તિ છે. સાધકને ભલે હજી આવું સર્વદર્શિત્વ પ્રગટ્યું ન હોય પરંતુ એની પ્રતીતમાં તો આવી જ ગયું છે એટલે કે 'શ્રદ્ધાપણે કેવળદર્શન થયું છે.'

કેવળદર્શન અર્થાત્ સર્વદર્શિપણું પ્રગટવાની તાકાત જેનામાં ભરી છે એવો ધર્મ અત્યારે જ મારમાં વર્તી રહ્યો છે (–'મુખ્યનયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે') એમ ધર્માત્માને પ્રતીત થઈ છે અને તે પ્રતીતના ફળમાં આવું સર્વદર્શિપણું પ્રગટ થશે–એમ તે જાણે છે. વિશ્વ એટલે લોક ને અલોક બધુંય, તેની સત્તાને એકસાથે અવલોકવાની આત્માની તાકાત છે. સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયના સમૂહરૂપ સત્‌ને દર્શન એકસાથે દેખે છે. આંખના અવલંબન વિના, રાગના આશ્રય વિના એક સમયમાં આવું કાર્ય કરવાની (સર્વને દેખવાની) આત્માની તાકાત છે. એ તાકાતનો ભરોંસો ક્યારે આવે? કે જ્ઞાયકભાવમાત્ર આત્મસ્વભાવની સન્મુખ થઈને પરિણમે ત્યારે.

અનંતગુણના વૈભવથી અભિન્ન અને વિકારથી ભિન્ન એવો આત્મા છે. ભાઈ, તારા આત્મ-ખજાનામાં કેવો વૈભવ છે તે ખોલીને સંતો તને દેખાડે છે. ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતાં શ્રી પદ્મનંદિ મુનિરાજ કહે છે કે અહો દેવ! કેવળજ્ઞાન પામીને દિવ્યધ્વનિ દ્વારા આપે જે ચૈતન્યસંપદા બતાવી ને મોક્ષનાં નિધાન ખોલી દિધા, તો તે ચૈતન્યસંપદા પાસે આ રાજસંપદાને તુચ્છ તરણાં જેવી સમજીને કોણ ન છોડે? આ રાજસંપદા છોડીને ચૈતન્યસંપદા લેવા માટે કોણ ન આવે? ભરતચક્રી જેવા રાજાઓ પણ ચક્રવર્તીપદને ક્ષણમાં છોડીને પ્રભો! આપે બતાવેલી ચૈતન્યસંપદા લેવા માટે ચાલી નીકળ્યા. અરે, નાની ઉંમરના રાજપુત્રો પણ એ ચૈતન્યસંપત્તિને સાધવા માટે, માતાનેય પૂછ્યા વગર ચાલ્યા ગયા. 'અહો! આવો અચિંત્ય મારો આત્મવૈભવ!' એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં જગતના વૈભવની મહત્તા ઊડી ગઈ. અરે જીવ! આવો તારો વૈભવ સંતો તને અત્યારે દેખાડી રહ્યા છે, તો એનો પરમ ઉલ્લાસ પ્રગટ કરીને તું અંતરમાં જો. ત્રણલોકનો વૈભવ જેની પાસે સાવ નિરસ લાગે એવા તારા અદ્‌ભુત વૈભવને દેખતાં તને કોઈ પરમ આનંદ થશે.

આ જે કાંઈ કહેવાય છે તે બધું તારામાં ભર્યું છે, તારું જ સ્વરૂપ તને બતાવાય છે એટલે ન સમજાય એવું કાંઈ નથી. માટે નહિ સમજાય એ વાત મનમાંથી કાઢી

નાંખ ને બધુંય સમજવાની મારામાં તાકાત છે એમ સ્વશક્તિનો વિશ્વાસ લાવીને આવા આત્મવૈભવને લક્ષમાં લે. આ સમજ્યા સિવાય બીજા કોઈ ઉપાયે ઉદ્ધાર નથી, બીજે ક્યાંય શાંતિ નથી.

અપૂર્ણતા રહે કે વિકારમાં અટકે એવું મારું સ્વરૂપ નહિ પણ રાગને તોડીને પૂર્ણપણે પરિણમે એવું મારું સ્વરૂપ છે. એક દર્શનના પૂર્ણ પરિણમનની સાથે આનંદ વગેરે અનંત ગુણોનું પરિણમન પણ ભેગું જ છે.

એકેક શક્તિના વર્ણનમાં આચાર્યદેવે ખૂબી કરી છે. અહીં સર્વદર્શિત્વશક્તિ 'લોકાલોકને દેખવામયી' એમ ન કહ્યું પણ 'લોકાલોકને દેખનારા એવા આત્માને દેખવામયી' એમ કહ્યું એટલે 'આત્મદર્શનમયી' એમ કહીને નિશ્ચયની વાત લીધી ને સાથેસાથે લોકાલોકને દેખવાનું તેનું સામર્થ્ય છે તે પણ બતાવી દીધું. લોકાલોકને દેખતું હોવા છતાં તે દર્શન આત્મદર્શનમય છે; આત્મા પોતે એવા દર્શનસામર્થ્યરૂપે પરિણમ્યો છે; તે કાંઈ પરસન્મુખ જોઈને પરિણમતો નથી પણ આત્મદર્શનની સ્વચ્છતામાં જ એવું સામર્થ્ય છે કે લોકાલોક તેમાં દેખાઈ જાય છે.

આત્મા પરને દેખતાં–જાણતાં તન્મય થયા વગર દેખે-જાણે છે તેથી તેને વ્યવહાર કહ્યો ને આત્મા સ્વને દેખતાં–જાણતાં તન્મય થઈને દેખે-જાણે છે તેથી તેને નિશ્ચય કહ્યો; એ એક જુદી વિવક્ષા છે; પણ સ્વ-પરને દેખવા–જાણવાની આત્માની તાકાત છે તે તો તેનો નિશ્ચયસ્વભાવ છે. પોતે પોતાને તન્મય થઈને દેખે છે ને પરને તન્મય થયા વગર દેખે છે. સર્વદર્શિપણાને 'આત્મદર્શનમય' કહીને સ્વાશ્રય બતાવ્યો છે. લોકાલોકને દેખવામાં કાંઈ પરાશ્રય નથી. આવો સર્વદર્શિસ્વભાવી આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો ત્યાં પ્રતીત થઈ કે સંપૂર્ણ દેખવારૂપે પરિણમું એવો હું, રાગાદિમાં અટકું કે ઇન્દ્રિયો દ્વારા દેખું એવો હું નહીં. આવી પૂર્ણતાની પ્રતીતપૂર્વક સાધક થઈને સર્વદર્શિતા તરફ તેનું પરિણમન ચાલ્યું. તેને પૂર્ણતારૂપ નિશ્ચયનો આદર ને વચ્ચે વિકારરૂપ વ્યવહાર રહ્યો તેનો નિષેધ વર્તે છે.

આત્માનું દર્શનસામર્થ્ય એવું છે કે પોતે પોતામાં રહીને દેખે છે. પરચીજનું દર્શન પોતામાં થયું પણ તેનાં લક્ષણ પોતામાં ન આવ્યાં; જો પરને દેખતાં પરનું લક્ષણ પણ પોતામાં આવી જાય તો તો જડને જાણતાં આત્મા પોતે જડ થઈ જાય. પણ જેમ બરફ કે અગ્નિને દેખતાં આંખ ઠંડી કે ગરમ થતી નથી, મલિન વસ્તુને જાણતાં આંખ

પોતે મેલી થતી નથી, તેમ પરને જાણતાં-દેખતાં કે રાગાદિને જાણતાં-દેખતાં આત્માની ચેતના પરરૂપ કે રાગરૂપ થઈ જતી નથી; પોતે પોતાના સ્વરૂપે રહીને જાણે-દેખે એવું આત્માનું સામર્થ્ય છે.

અરે! તારા સ્વભાવના સામર્થ્યને તો તું જો! વિકલ્પ વિના, પરની સામે દેખ્યા વિના, લોકાલોકને દેખી લ્યે એવી તારા આત્માની તાકાત છે. આવું સર્વદર્શિત્વ તે સાધ્ય છે, સાધકદશામાં તે પ્રગટ હોતું નથી પણ તેની પ્રતીત હોય છે. આ ભગવાન ચૈતન્ય મહારાજા, તેને દૃષ્ટિમાં લેતાં આવો બધો વૈભવ પ્રતીતમાં આવી જાય છે. સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્મા સ્વાનુભવથી એમ જાણે છે કે હું જ્ઞાયક–ચિદાનંદ અનંતશક્તિનો પિંડ વીતરાગસ્વભાવ છું ને પર્યાયમાં પણ એવા જ ભાવનું પરિણમન થાય તે મારું સ્વરૂપ છે; જે રાગાદિ પરભાવ વર્તે છે તે પૃથકપણે વર્તે છે, મારા સ્વરૂપપણે નહિ. દ્રવ્યસ્વભાવમાં તે અનંતી શક્તિમાંથી એક્કેય શક્તિમાં તો રાગ છે જ નહિ ને પર્યાયમાં જે રાગ છે તે પણ જ્ઞાનભાવના પરિણમનથી જુદાપણે વર્તે છે, જ્ઞાનભાવ સાથે એકપણે વર્તતો નથી. આવા ભેદજ્ઞાનવડે સ્વભાવનો આદર ને પરભાવનો નિષેધ હોવાથી રાગનું પરિણમન તૂટતું જાય છે ને સ્વભાવનું પરિણમન ખીલતું જાય છે. ધર્મી જાણે છે કે રાગમાં અટકવાનો મારો સ્વભાવ નથી, રાગનો પ્રવાહ મારા સ્વભાવમાંથી નથી આવતો; મારા સ્વભાવમાંથી તો સર્વદર્શિતાના, સર્વજ્ઞતાના, આનંદના ને વીતરાગતાના નિર્મળ પ્રવાહ આવે છે.—એ પ્રવાહમાં ક્યાંય દુઃખ છે નહિ, આકૂળતા છે નહિ, અજ્ઞાન છે નહિ.

અનાદિ અજ્ઞાનથી જીવ જે દુઃખ ભોગવે છે તેનો અભાવ થાય ને સાદિ–અનંત અતીન્દ્રિય આનંદ પ્રગટે—એવી આ વાત છે. એકવાર આવા સ્વભાવને દૃષ્ટિમાં તો લે ભાઈ! તો તને ખ્યાલ આવશે કે મારો આ સ્વભાવ રાગરૂપે કદી પરિણમતો નથી. રાગના જ્ઞાનરૂપે ભલે પરિણમે પણ રાગરૂપે પોતે પરિણમતો નથી. અહા! ભેદજ્ઞાનીએ રાગને અને જ્ઞાનને જુદા અનુભવ્યા છે. પોતાનો ચિદાનંદ સ્વભાવ જેની દૃષ્ટિમાં આવ્યો તે જીવ આરાધનાથી કદી પાછો પડતો નથી; તેને પ્રતીત છે કે હવે હું રાગાદિમાં તન્મય કદી થવાનો નથી. મારા સ્વભાવમાં તન્મય રહીને સર્વદર્શિત્વરૂપે પરિણમીશ અને તે કાંઈ પરને દેખવા માટે નથી પરિણમતો પણ પરલક્ષ વગર દર્શનના પરિણમનમાં જ એવી શક્તિ ખીલી જાય છે કે બધું તેમાં દેખાય.

આત્માના સ્વઘરમાં નિજશક્તિનો જે વૈભવ છે તેની આ વાત છે. આત્માની એકેક શક્તિ એવી અચિંત્ય સામર્થ્યવાળી એવી છે કે એને માનતાં મોક્ષ મળે. આત્માને સંયોગ

વિના ચાલે, રાગ વગર ચાલે પણ આવી નિજશક્તિ વગર ન ચાલે ને રાગ વિના–પુણ્ય વિના ન ચાલે. અરે ભાઈ! આ તારી શક્તિના વૈભવને તો જો! એમાં ક્યાં બીજા કોઈની જરૂર છે? અહો! આ એકેક શક્તિ એ તો પરમેશ્વરની શક્તિ! એના સામર્થ્યની શી વાત! ચૈતન્યશક્તિના આવા અખૂટ ભંડાર, એમાં વળી બીજાની ઓશિયાળ કેવી? એને તો પર વગર જ સદાય ચાલી રહ્યું છે, પરની તો એનામાં નાસ્તિ છે; પરની નાસ્તિથી જ આત્મા ટકેલો છે. જો આત્મામાં પરની (શરીરની ને સંયોગની) નાસ્તિ ન હોય તો આત્મા તે પરરૂપે થઈ જાય એટલે નિજસ્વરૂપે ટકી શકે નહિ. પર વગર સદા રહ્યો છે પણ હું મારા સ્વરૂપથી ટકેલો છું–એમ જીવે કદી જાણ્યું ન હતું. તેને જ્ઞાનીએ સમજાવ્યું કે ભાઈ! તું પરથી તો ખાલી છો ને તારી અનંત શક્તિથી ભરેલો છો. તારું ટકવાપણું તારી શક્તિના વૈભવથી છે, પરથી કે વિકારથી નહિ. માટે, પર વિના મારે ન ચાલે—એવી ઊંધી માન્યતા છોડ ને તારા સાધ્યને જાણ. સ્વસામર્થ્યની પ્રતીત કરતાં અપૂર્વ સમ્યગ્દર્શન ને સાધકદશા પ્રગટે છે, તે સાધકદશા સાધ્યની પ્રતીત ભેગી લેતી આવે છે. જ્યાં સાધ્યને પકડ્યું ત્યાં હવે વચ્ચે બીજા કોઈ બાધકભાવમાં તે જીવ અટકતો નથી, તે સ્વસાધ્યમાં એકાગ્ર થઈને સર્વદર્શિ થાય છે.

અહો! આચાર્યદેવની આ વાણી નીકળી તેમાં કોઈ અલૌકિક રહસ્યો ભર્યાં છે. આત્મશક્તિના અપારવૈભવને દેખાડનારી આ વાણી પંચમકાળમાં હજારો વર્ષો સુધી રહેશે. પંચમકાળના છેડે જે મુનિ–આર્યિકા–શ્રાવક ને શ્રાવિકા એ ચાર ધર્માત્માઓ રહેશે તેઓ પણ પોતાના આવા આત્મવૈભવને જાણનારા હશે. સમ્યગ્દર્શન વગર તો સાધકપણું હોય નહિ. સર્વદર્શિપણું પ્રગટે છે તે અંદર સાધ્ય પડ્યું છે તેમાંથી આવે છે, બહારથી નથી આવતું. પર સામે દેખી-દેખીને સર્વને દેખવા માંગે તો કદી દેખી શકે નહિ; દેખનારો પોતાને દેખે છે ને પોતાને દેખતાં તે નિજસામર્થ્ય વડે સર્વદર્શિ થાય છે. લોકાલોકને દેખવા છતાં તે પોતાના અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રની સીમાને છોડતો નથી ને દેખવામાં એને બે સમય લાગતા નથી, એકેક સમયમાં સર્વદર્શિપણાનું પૂરું સામર્થ્ય પરિણમી રહ્યું છે. તેમાં રાગાદિ કોઈ પ્રતિબંધ રહ્યો નથી. આવું સર્વદર્શિપણાનું સામર્થ્ય દરેક આત્મામાં છે.

વિશ્વલોકમાં અનંતા જડ–ચેતન દ્રવ્યો એકસાથે રહ્યા હોવા છતાં એકબીજાને કોઈ સ્પર્શતા નથી અર્થાત્ પોતાનું સ્વરૂપ છોડીને અન્યરૂપે થઈ જતાં નથી, પોતપોતાના અનંતધર્મમાં જ રહે છે. આત્મા પરને સ્પર્શતો નથી ને પરદ્રવ્ય આત્માને સ્પર્શતું નથી.

શરીર-વચન વગેરે પુદ્‌ગલની કોઈ ક્રિયાને આત્મા કદી અડતો પણ નથી તો તેને કરવાની વાત ક્યાં રહી? પરને સ્પર્શ્યા વગર તેના દર્શનનો ઉપયોગ આત્મામાં છે. છદ્મસ્થને પણ પરને સ્પર્શ્યા વર પોતાને યોગ્ય દર્શન (ચક્ષુદર્શનાદિ) પરિણમે છે. અહા! અનંત ધર્મોનું ચક્ર એકસાથે આત્મામાં ચાલી રહ્યું છે. પ્રભુ તારી મોટપ ને તારા વૈભવની તને ખબર નથી. જેમ કોઈ માણસ પોતાને ગરીબ સમજીને જ્યાં–ત્યાં ભમતો હતો, ત્યાં તેના કોઈ હિતસ્વીએ કહ્યું કે તું ખરેખર ગરીબ નથી, તું તો અમુક રાજાનો રાજપુત્ર છો ને તારા ઘરમાં કરોડો સોનામહોર ભરી છે,–એમ કહીને એને એનો બધો વૈભવ દેખાડે, ત્યારે એને દેખીને તે કેવી ખુશી થાય! તેમ નિજવૈભવને ભૂલેલો અજ્ઞાની પોતાને રાગી–સંયોગી, દીન–હીન માનીને સંસારમાં જ્યાં–ત્યાં ભમી રહ્યો છે; ત્યાં પરમ હિતસ્વી કોઈ જ્ઞાની તેને કહે છે કે અરે જીવ! તું રાગી કે પરાધીન નથી, તું તો 'રાજપુત્ર' એટલે સિદ્ધોનો ને અરિહંતોનો વારસદાર છો, સિદ્ધ જેવી અનંતશક્તિનો અચિંત્ય વૈભવ તારી પાસે ભર્યો છે.—આમ, સંતોએ નિજવૈભવ દેખાડ્યો તે પોતામાં દેખીને જીવને પરમ આનંદ થાય છે, પોતે પોતાને સિદ્ધ જેવો જાણે છે.—**'सिद्धसमान सदा पद मेरो'** અત્યાર સુધી મારી પ્રભુતાને ભૂલીને દીનપણે હું સંસારમાં રખડ્યો પણ હવે પ્રભુતાનું ભાન થયું એટલે હવે સિદ્ધ થયે છૂટકો. આ પરાશ્રિત રાગ–આકુળતા કે અલ્પતા તે હું નહિ, હું તો સર્વજ્ઞપદના વૈભવથી ભરેલો છું.—આમ, નિજવૈભવનો મહિમા આવતાં પરિણમન પણ તે તરફનું ખીલે છે.

અનંતશક્તિનાં નિધાન ખોલીને સંતો બતાવે છે કે રાગ કે સંયોગ તે તારી પૂંજી નહિ, તારી પૂંજીમાં તો જ્ઞાન-દર્શન-આનંદના અનંત નિધાન ભર્યાં છે. પરને પોતાની સાથે એકમેક તન્મય કરવા માંગે તે ત્રણ કાળમાં થઈ શકે નહિ ને પોતાની અનંતશક્તિ સાથે જે ત્રિકાળી એકતા છે તે કદી તૂટે નહિ. આવી સ્વશક્તિને પ્રતીતમાં લેતાં તેના કાર્યરૂપ સર્વજ્ઞતા–સર્વદર્શિતા વગેરે પ્રગટવાની પ્રતીત પણ ભેગી જ આવી જશે. કારણને પ્રતીતમાં લેતાં કાર્યની પ્રતીત ભેગી ન આવે એમ બને નહિ. શુદ્ધ દ્રવ્યને પ્રતીતમાં લેતાં શુદ્ધ પર્યાયરૂપ કાર્ય પણ થાય જ. આ રીતે સ્વશક્તિને પ્રતીતમાં લઈને જ્યાં સાધક થયો ત્યાં પૂર્ણ સાધ્યની નિઃશંકતા થઈ કે હવે આ શક્તિની સન્મુખતા વડે પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદરૂપે પરિણમન થશે. એને હવે વિભાવનો આદર ન રહ્યો ને સ્વભાવસન્મુખ જ ગતિ રહી. આવી સાધકદશા પ્રગટી તે જીવ અલ્પકાળમાં સર્વદર્શિપણાને સાધે છે. સર્વદર્શિત્વ શક્તિનું વર્ણન પૂરું થયું. *(ક્રમશઃ)*❑

### શ્રી પુષ્પદંત-કવિકૃત

# યશોધર ચરિત્ર

(ઓરડા કરતાં દરવાજો નાનો હોય છે, દરવાજા કરતાં તાળું નાનું હોય છે, તાળા કરતાં ચાવી નાની હોય છે; તોપણ એ ચાવી વિના ઓરડામાં દાખલ થઈ શકાતું નથી; તેમ જેમની તત્ત્વપ્રરૂપણારૂપી ચાવી વિના આગમ, અધ્યાત્મ ને આત્માની અંદર પ્રવેશ પામવો શક્ય નથી એવા અકારણ કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રીની દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનામાં, અધ્યાત્મના મહા ગંભીર ન્યાયોના ગ્રહણને પલ્લવિત કરાવવા વૈરાગ્યરૂપી અમૃતના સિંચન માટે વારંવાર પુરાણોના પ્રસંગોને તેઓશ્રી વૈરાગ્ય–તરબોળભાવે મલાવી–મલાવીને આપણને ઉપદેશતા હતા. તેઓશ્રીનાં આ દૃષ્ટિકોણને લક્ષમાં રાખીને, ગૃહીત મિથ્યાત્વનું અજાણતાં અનુમોદન કરી બેસવાથી કેટલાય ભવો સુધી તેનું કેવું કેવું ફળ રાજા યશોધર ભોગવે છે તેની, બહુ પ્રસિદ્ધ નહીં એવી, વૈરાગ્ય–ભરપૂર કથા અત્રે આપવામાં આવી રહી છે. –સંપાદક)

જે અનેક દ્વીપ તથા સમુદ્રોથી વેષ્ટિત છે તથા અનેક સંપદાઓનું સ્થાન છે એવા જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં યૌધેય નામનો દેશ છે. તે દેશ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચારેય પુરુષાર્થોના ઉપકરણોનું ઉત્પત્તિ સ્થાન છે.

એ દેશમાં કુકવિઓની માફક ભમરાઓના સમૂહ ભ્રમણ કરે છે કેમ કે કુકવિઓના હૃદય પણ કાળા છે અને ભમરાઓ પણ કાળા છે. આ દેશની શોભાનું વર્ણન કરતાં કેટલું કહેવું? વિધાતાએ સ્વર્ગલોકની ઈર્ષ્યા કરીને જાણે કે બીજું સ્વર્ગલોક જ બનાવ્યું છે કે જે દેશમાં ધન-ધાન્ય, વન-વાટિકા આદિથી સુશોભિત ગ્રામ–નગર આદિ છે.

એ યૌધેય નામક દેશમાં એક રાજપુર નામનું વિશાળ નગર હતું. એ રાજપુર નામક નગરમાં મારિદત્ત નામના રાજા રાજ્ય કરતો હતો.

એ રાજા ધન દેવામાં કર્ણ સમાન, વૈભવથી ઈન્દ્ર સમાન, રુપથી કામદેવ સમાન, કાંતિથી ચંદ્રમા સમાન, પ્રચંડ દંડ દેવામાં યમરાજ સમાન અને અન્ય રાજાઓના બળરૂપ વૃક્ષને મૂળથી ઉખાડી ફેંકવામાં પ્રચંડ પવન સમાન હતો. એ રાજા ધન અને ધાન્યના રક્ષણમાં ચતુર હતો પણ એક ધર્મથી અનભિજ્ઞ હતો. તેનામાં યૌવનમદ અને ધનમદની પ્રબળતા હતી પણ એક ધર્મ વિના પ્રચુર અંધકાર વ્યાપી રહ્યો હતો. સત્ય જ છે કે જ્ઞાનના ઉદય વિના સારભૂત શુભ માર્ગનું અવલોકન કેવી રીતે થઈ શકે છે!! સત્ય જ છે કે ઉત્તમ જ્ઞાનીઓ વિના ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે!!

મહારાજ મારિદત્તના ધન–ધાન્યથી પૂર્ણ રાજપુર નગરમાં ભૈરવાચાર્યનું આગમન થયું.

એ ભૈરવાચાર્ય જગતને–પોતાને અનુકૂળ પુરુષોને નિજમતની શિક્ષા આપતો. એ ભૈરવાચાર્ય કાનમાં મુદ્રા ધારણ કરતો, બત્રીસ અંગુલ પ્રમાણ દંડ હાથમાં રાખતો, ગળામાં યોગ વૃત્તિ, પગમાં પાવડી ધારણ કરતો, નૃસિંગાનો અવાજ કરતો અને સિંહપૃચ્છનો ગુચ્છો લગાવી પોતાને મહાત્મા જાહેર કરતો. લોકોના પૂછ્યા વિના જ પોતાની સ્તુતિ કરતા કહેતો કે—

ચાર યુગ વ્યતીત થવા છતાં હું વૃદ્ધ નથી થયો; નળ, નહુષ, વેણુ આદિ મહાપ્રતાપી અને પૃથ્વીના ભોક્તા મહારાજા મારી સામે જ થઈ ગયા; રામ અને રાવણના ઘોર સંગ્રામમાં રાક્ષસોનું પતન મેં જોયું છે; ભાઈઓ સહિત યુધિષ્ઠિરને જોયો તથા કૃષ્ણની આજ્ઞાથી વિરુદ્ધ અભિમાની એવા દુર્યોધનને પણ જોયો છે. હું ચાર યુગથી જીવિત છું, તેમાં તમે કિંચિત્ પણ ભ્રમ નહીં કરો.

હું બધા લોકોને શાંતિ પ્રદાન કરીશ. મારામાં એટલું સામર્થ્ય છે કે અતિ પ્રચંડ વેગયુક્ત દિવાકરના વિમાનને અવરોધી શકું છું. મને બધી જ વિદ્યાઓની ઉપલબ્ધી છે; યંત્ર, મંત્ર, તંત્ર તો મારી આગળ આગળ ચાલે છે–ઈત્યાદિ વાતો કરતો લોકોને રંજીત કરતો નગરમાં ભ્રમણ કરતો હતો.

જ્યારે તેની કથા પૂરા નગરમાં ફેલાઈ ગઈ ત્યારે મહારાજ મારિદત્તને પણ સાંભળવા મળી ત્યારે તેણે તે સમયે અતિ કૌતુકવશ થઈને મંત્રીને કહ્યું કે તમે એકાંતમાં જઈને એ ગુણગરિષ્ઠ ભૈરવાચાર્યને નમ્રતાપૂર્વક અહીં લઈ આવો.

મંત્રી :—મહારાજની આજ્ઞાનુસાર હું હમણાં જ તેમને લઈને આવું છું. આ રીતે મંત્રીએ વિનયપૂર્વક રાજાનો આદેશ સંભળાવી ભૈરવાચાર્યને કહ્યું કે “અહો મહાત્મન્! આપના દર્શનથી મહારાજને શીઘ્ર શાંતિ થાય.”

ભૈરવાચાર્ય :—જો રાજાની એવી જ ઈચ્છા છે તો હું શીઘ્ર જ જઈને રાજવંશમાં શાંતિ સ્થાપન કરીશ. એમ કહીને મંત્રીની સાથે રાજદરબારમાં ઉપસ્થિત થયો. ત્યાં તેણે તેજપુંજ નારાયણતુલ્ય મહારાજને સિંહાસન પર બેઠેલા જોયા. ત્યારબાદ રાજાએ પણ અનેક આડંબરયુક્ત ભૈરવાચાર્યને જોઈને સિંહાસનથી ઊઠીને સન્મુખ જઈને દંડવત્ નમસ્કાર કર્યા.

ભૈરવાચાર્ય :—મહારાજનું કલ્યાણ થાવ. રાજન્! હું સાક્ષાત્ ભૈરવ છું; તારી જે ઈચ્છા હોય તે પ્રગટ કર. હું તેને પૂર્ણ કરીશ.

આ સાંભળીને મહારાજે પ્રસન્નચિત્ત થઈને ભૈરવાચાર્યને ઉચ્ચાસન પર સ્થાપિત કરીને પોતે તેના ચરણોમાં બેસી પ્રાર્થના કરવા લાગ્યો :

મહારાજ :—સ્વામિન્! મારી તકલીફ દૂર કરો. નાથ! તમે તો સૃષ્ટિસંહારક યોગીશ્વર છો. આપના ચરણોના પ્રસાદથી મારા મનોભિલાષિત કાર્યની સિદ્ધિ થશે. હું આપનો સેવક છું, આપ મારા પર પ્રસન્ન થાઓ. તમે જે આજ્ઞા કરશો તેને શિરોધાર્ય કરી પૂર્ણ કરીશ.

દુષ્ટ ભૈરવાચાર્ય મનમાં વિચારવા લાગ્યો કે હું જે જે ઉપદેશ આપીશ તેનાથી મારા ઇન્દ્રિયસુખની પૂર્તિ થશે અને હું જે આદેશ કરીશ તેનું પાલન થશે.

ભૈરવાચાર્ય :—નૃપવર! મને સમસ્ત ઋદ્ધિઓ લક્ષ્ય માત્રથી સ્ફુરાયમાન થાય છે. મને બધી જ વિદ્યાઓ સિદ્ધ છે, હું સંહાર કરવામાં પૂર્ણ સમર્થ છું, જે કોઈ મારાથી મહાન પદાર્થોની યાચના કરે છે તેને તત્કાલ આપું છું. મારા માટે કોઈ પણ પદાર્થ અલભ્ય નથી.

મહારાજ :—હે દેવ! આકાશમાર્ગથી ગમન કરવાની મારી અભિલાષા છે.

ભૈરવાચાર્ય :—નૃપવર! તું રાજકુળનો પ્રકાશક ચન્દ્રમા છે. અગર જો તું નિર્વિકલ્પ ચિત્તથી મારો ઉપદેશ ગ્રહણ કરીશ તો અવશ્ય તને આકાશમાર્ગે ગમન કરાવીશ.

સત્ય છે કે જે ગૃહીત મિથ્યાત્વથી લિપ્ત હોય છે તે જ્ઞાનીજનોના ઉપદેશને ગ્રહણ નથી કરતો. જેવી રીતે આંધળો માણસ સુમાર્ગ–કુમાર્ગનું અવલોકન નથી કરતો, જેમ અંકુશની પ્રેરણાથી હાથીની સૂંઢ બધી બાજુ ગમન કરે છે તેમ ભૈરવાચાર્યની પ્રેરણાથી મારિદત્તનું ચિત્ત જીવોંની હિંસામાં તત્પર થઈ બધી બાજુ ગમન કરવા લાગ્યું. જોકે મારિદત્ત ભવ્ય છે પરંતુ અશુભોદયથી કુસંગતિનાં યોગથી કુમાર્ગ પ્રતિ ગમન કરવા લાગ્યો.

એ મારિદત્ત રાજાના પ્રચંડ શત્રુઓની વિધ્વંસકારિણી ચંડમારી નામની કુળદેવી વેતાલ કાળ (સંધ્યા સમય) માંસનું અવલોકન કરતી રાજપુર નામક નગરની દક્ષિણ દિશામાં સ્થિત આવાસમાં નિવાસ કરતી હતી. જેણે ગળામાં ખોપડીઓની માળા ધરી હતી, શરીર રાખથી લેપાયેલું હતું, સર્પાચ્છાદિત ચરણયુગલ, માંસ રહિત ભયંકર અસ્થિ ચર્મ, મયૂર શીખા સમાન કઠોર અને ઉન્નત કેશ, મૃતકોની આંતથી વિભૂષિત ભુજા ઇત્યાદિ મહાબીભત્સ રૂપ ધારણ કરતી ચંડમારીદેવી જીવોને ત્રાસિત કરતી જિનેન્દ્રમાર્ગનો તિરસ્કાર કરતી હતી. તે દેવી હિંસામાર્ગને પ્રગટ કરતી, દયાધર્મ દૂર ભગાવતી, નગ્ન શરીરવાળી, માંસ ખાવા માટે મોઢું ફાડેલી, કપાલ–કબન્ધ અને ત્રિશૂલ ધારણ કરતી બેઠી હતી અને તેનો જ ભક્ત મારિદત્ત રાજા હતો.

ભૈરવાચાર્ય :—રાજન્! જો આકાશમાર્ગનું પથિક બનવું હોય અને વિદ્યાધર શત્રુઓનો વિજય કરી દિગ્વિજય કરવો હોય તો જલચર, નભચર અને સ્થળચર જીવોના યુગલોનું ચંડમારીદેવીને માટે હવન કર. આવું કરવાથી તારા બધા કાર્ય સિદ્ધ થશે.

મહારાજ :—આચાર્યવર! આપની આજ્ઞાનુસાર કોટવાલને મોકલીને બધા પ્રકારની જાતિના જીવોના યુગલ મંગાવું છું.

આ રીતે કહીને મહારાજે કોટવાલને બોલાવવા માટે અમાત્યને કહ્યું કે કોટવાલને બોલાવીને બધી જ જાતિના જીવોના યુગલ ચંડમારીદેવીના મંદિરમાં એકત્રિત કરો.

અમાત્ય :—જેવી મહારાજની આજ્ઞા. હું હમણાં જ કોટવાલને બોલાવીને આપનો હુકમ સંભળાવું છું.

કોટવાલ :—(અમાત્યને) હું આપની આજ્ઞાનુસાર ઉપસ્થિત થયો છું. મારા માટે શું હુકમ છે?

અમાત્ય :—મહારાજે આદેશ આપ્યો છે કે જળચર, નભચર અને સ્થળચર તેમ જ બધી જાતિના જીવોના યુગલ ચંડમારીદેવીના મંદિરમાં એકત્રિત કરવાની નોકરોને આજ્ઞા કરો.

કોટવાલ :—જેવી આજ્ઞા. હમણાં જ કિંકરોને બોલાવીને જીવોને લાવવાનો આદેશ જણાવું છું.

આ પ્રમાણે કહીને કોટવાલે તત્કાલ કિંકરોને બોલાવીને સમસ્ત જીવોના યુગલ લાવવાની આજ્ઞા કરી. પછી તે હિંસક કિંકરોએ બધે જ રખડીને સમસ્ત જીવોના યુગલ ચંડમારીદેવીના મંદિરમાં એકત્રિત કરી કોટવાલને સૂચના આપી.

કોટવાલ :—શ્રી મહારાજ! આપની આજ્ઞાનુસાર બધા યુગલ ઉપસ્થિત છે. હવે શું આજ્ઞા છે?

મહારાજ :—સ્વામિન્! (ભૈરવાચાર્ય) આપની આજ્ઞાનુસાર સર્વ યુગલ ઉપસ્થિત થઈ ગયા છે.

ભૈરવાચાર્ય :—તો હવે દેવીના મંદિર પ્રતિ ચાલવું જોઈએ.

મહારાજ :—જેવી આજ્ઞા.

આમ કહીને મંત્રી આદિ બધા ચંડમારીદેવીના મંદિર તરફ જવા લાગ્યા. ત્યાં પહોંચી રુધિરથી વ્યાપ્ત અને ચક્ર, ત્રિશૂલ તથા ખડ્ગ ધારણ કરેલી ચંડમારીદેવીને જોઈને રાજા જય જય ધ્વનિપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો—હે પરમેશ્વરિ! તારા નિર્મળ સ્વભાવથી મારા પાપોને હરો.

પછી મંદિરમાં સ્થિત નભચર, જળચર અને સ્થળચર જીવોના યુગલોનું અવલોકન કરી મહારાજ મારિદત્તે ભૈરવાચાર્યને નિવેદન કર્યું—સ્વામિન્! આપની આજ્ઞાનુસાર સમસ્ત યુગલ ઉપસ્થિત છે, હવે કાર્યની શરૂઆત કરો.

ભૈરવાચાર્ય :—રાજન્! સમસ્ત યુગલ દેવીની સન્મુખ ઉપસ્થિત કરાવો, હું કાર્યારંભ કરું છું.

ત્યારબાદ સમસ્ત યુગલો દેવીની સન્મુખ ઉપસ્થિત કરી હવન પ્રારંભ થયો. મારિદત્ત રાજા ચંડમારી ચંડિકાના અગ્રભાગમાં અનેક પ્રકારના મૃગાદિ સમસ્ત જીવોને મારે છે. તે મૂઢમતિ પરને મારીને પોતાના જીવિતવ્યની વાંછા અને શાંતિની કામના કરે છે.

**વિષ ભક્ષણથી જીવિતવ્યની આશા, બળદનાં શિંગડાથી દૂધની આશા, શિલાતળમાં ધાન્યની પ્રાપ્તિ, નીરસ ભોજનથી કાંતિમાં વૃદ્ધિ, ઉપશમ ભાવ વિના**

**ક્ષમા અને પર જીવોને મારીને શાંતિવૃદ્ધિ શું થઈ શકે છે? નહીં! નહીં! કદાપિ નહીં!!!**

એ અવિવેકી મારિદત્ત રાજા જે સમયે તૃણભોજી ગાય આદિ પશુઓને મારવામાં તત્પર હતો તે સમયે ભૈરવાચાર્ય સમસ્ત યુગલોને અવલોકન કરીને ફરી રાજાને કહેવા લાગ્યો—

ભૈરવાચાર્ય :—નૃપવર! આપે સમસ્ત યુગલ તો એકત્રિત કર્યા પણ મનુષ્ય યુગલ તો મંગાવ્યું જ નહીં.

મહારાજ :—આપની આજ્ઞાનુસાર મનુષ્ય યુગલને પણ મંગાવું છું.

એમ કહીને ચંડકર્મ કોટવાલને બોલાવીને રાજાએ આજ્ઞા કરી કે પ્રશંસાયોગ્ય મનુષ્યનું યુગલ શીઘ્ર લઈને આવો.

કોટવાલ :—જેવી આજ્ઞા પૃથ્વીનાથની. હું હમણાં કિંકરને આદેશ આપી ઉત્તમ મનુષ્ય યુગલ મંગાવું છું.

એમ કહી કિંકરને બોલાવી કોટવાલે કહ્યું કે અતિ મનોજ્ઞ મનુષ્ય યુગલને શીઘ્ર લાવીને ઉપસ્થિત કરો.

કિંકર :—આપના આદેશાનુસાર શીઘ્રતર અહીં-તહીંથી મનુષ્ય યુગલને લાવીને આપની સન્મુખ ઉપસ્થિત કરું છું. *(ક્રમશઃ)*

---

✻ સાક્ષાત્ ભગવાન, તેમની વાણી અને સાંભળવાથી થતો વિકાસ એ બધા જ્ઞેયો છે, તેમાં અજ્ઞાની આસક્ત થયો છે.

શ્રોતા :–વાણી સાંભળીને વિચાર કરે તો અંતરમાં આવી શકે ને?

પૂજ્યશ્રી :–ઈ વિચારમાં રોકાણો છે ઈ પરજ્ઞેયમાં આસક્ત થયો છે. પરમાં આસક્તિથી સ્વમાં આવી શકે?

શ્રોતા :–એને ગુરુનો બોધ નહીં લાગતો હોય?

પૂજ્યશ્રી :–અંતરમાં લાગતો નથી. ભગવાનનો હુકમ છે કે તું તારા આત્મામાં જા. એ હુકમને તે માનતો નથી.

શ્રોતા :–ઈ તત્ત્વની વિરાધના કરે છે?

પૂજ્યશ્રી :–હા, તત્ત્વની વિરાધના કરે છે ને અતત્ત્વની આરાધના કરે છે. ભાઈ! આકરી વાત છે. આ ૧૧ અંગવાળો શુક્લલેશ્યાવાળો ભગવાન પાસે ગયો પણ પોતાના ભગવાન પાસે ન ગયો, તેથી જ્ઞેયોમાં આસક્ત છે.

**–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૦ | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

✻ **શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિકા-મહોત્સવ :**—સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૭૨મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૧૬-૨-૨૦૧૨, ગુરુવારથી તા. ૨૩-૨-૨૦૧૨, (ફાગણ સુદ ૨) ગુરુવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાનજિન મંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :**—શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૨૮મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૪, શનિવાર, તા. ૨૫-૨-૨૦૧૨ થી ફાગણ સુદ ૭, બુધવાર તા. ૨૯-૨-૨૦૧૨ સુધી આનંદોલ્લાસસહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :**—ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૧-૩-૨૦૧૨, ગુરુવારથી તા. ૮-૩-૨૦૧૨, ગુરુવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :**—ફાગણ સુદ ૧૩, મંગળવાર, તા. ૬-૩-૨૦૧૨ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૩૯મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

### શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ઉદ્ઘાટન તથા તેમાં પ્રતિષ્ઠિત પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો હીરકજયંતી મહોત્સવ

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં સર્વપ્રથમ નિર્માપિત આયતન શ્રી જૈન સ્વાધ્યાયમંદિરના ઉદ્ઘાટન તથા તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાની ૭૫મી હીરકજંયતી વૈશાખ વદ આઠમ તા. ૧૩-૫-૨૦૧૨ રવિવારે છે. તેનો ત્રિદિવસીય મહોત્સવ તા. ૧૧-૫-૨૦૧૨ શુક્રવારથી તા. ૧૩-૫-૨૦૧૨ રવિવાર સુધી શ્રી સુવર્ણપુરી તીર્થ વિધાન તથા અધ્યાત્મજ્ઞાનોપાસનનાના વિવિધ કાર્યક્રમ સહ ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તો સર્વે મુમુક્ષુઓને ઉત્સવનો લાભ લેવા સુવર્ણપુરી પધારવાનું હાર્દિક નિમંત્રણ છે.

**શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા**
**પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૮ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ**

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૭૮મા વર્ષનો મંગલ ઉત્સવ શ્રી હીરાચંદ ત્રિભોવનદાસ દામાણી પરિવાર હસ્તે બ્ર. જસીબેન દામાણી, સોનગઢ દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં દ્વિદિવસીય મહોત્સવરૂપે ચૈત્ર સુદ-૧૨ મંગળવાર તા. ૩-૪-૨૦૧૨ થી ચૈત્ર સુદ-૧૩ બુધવાર તા. ૪-૪-૨૦૧૨ સુધી પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## વૈરાગ્ય સમાચાર :-

લાઠીનિવાસી લાઠી મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી જયંતીલાલ હરીચંદ શાહ (વર્ષ-૮૭) તા. ૨૬-૧૨-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્યશ્રીના ઘણા જૂના અનુયાયી હતા. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી.

રાજકોટનિવાસી (હાલ—બોરીવલી) પ્રવીણાબેન કાંતિલાલ મોદી (—તે સ્વ. મુ. શ્રી લાલચંદભાઈ મોદીના પુત્રવધૂ) (વર્ષ-૮૧) તા. ૨-૧-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો અભ્યાસ હતો.

વઢવાણનિવાસી (હાલ—જલગાંવ) જલગાંવ મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી ચીમનલાલ વાડીલાલ સોગઠી (વર્ષ-૮૯) તા. ૧૫-૧-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. મંડળની દરેક પ્રવૃત્તિમાં તેઓ રુચિપૂર્વક નિયમિત લાભ લેતા હતા.

બોરીવલીનિવાસી વસંતબેન નટવરલાલ જેચંદભાઈ ગોસળીયા (—તે સ્વ. શ્રી છોટાલાલ મોહનલાલ કામદારના પુત્રી) (વર્ષ—૭૮) તા. ૧૭-૧-૧૨ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને નાની ઉંમરથી પૂજ્ય ગુરુદેવશ્રીનો સત્સમાગમ પ્રાપ્ત થવાથી તત્ત્વની ઘણી રુચિ હતી. તેમને શ્રી સમયસાર આદિ કેટલાક શાસ્ત્રોની ગાથાઓ કંઠસ્થ હતી. ટેપ પ્રવચન, દેવ-દર્શન-પૂજન આદિ નિયમિત લાભ લેતા હતા.

સોનગઢનિવાસી, સ્ટાર ઑફ ઇન્ડિયાવાળા સ્વ. શ્રી હીરાચંદભાઈના પુત્રવધૂ ઇન્દિરાબેન મુકુન્દભાઈ દામાણી (વર્ષ-૭૪) તા. ૨૮-૧-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી, સ્વ. શ્રી છોટાલાલ રાયચંદ ખંધાર, ચૂડાવાળા (કે જેમની વિનતીથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રવચનસભામાં પોતાના ભવોનું વર્ણન કર્યું હતું, તેમના) ધર્મપત્ની કાંતાબેન (વર્ષ-૯૨) તા. ૬-૨-૧૨ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ૧૮ વર્ષની નાની ઉંમરથી સળંગ ૭૪ વર્ષ સુધી સપરિવાર સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો, પંચકલ્યાણકો, તીર્થયાત્રાઓ આદિ સોનગઢનો બધો જ ધાર્મિક લાભ લેવાનું સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

વઢવાણનિવાસી શ્રી રમણીકલાલ લાલચંદ દોશી પરિવાર—ઘાટકોપર
હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી

અધ્યાત્મ અતિશયતીર્થ સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૦મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ‘‘ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ’’ સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૦મી વાર્ષિક ‘સમ્યક્ત્વજયંતી’ આગામી તા. ૧૭-૩-૨૦૧૨ શનિવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. ‘‘સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૧૩-૩-૨૦૧૨ મંગળવારથી તા. ૧૭-૩-૨૦૧૨ શનિવાર—પાંચદિવસ સુધી, શ્રી ‘સિદ્ધ-પરમેષ્ઠી પૂજન-વિધાન’, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના ભક્તિસભર પ્રવચનો, ધાર્મિક શિક્ષણવર્ગ, વિશેષ ભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ વઢવાણનિવાસી શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર ઘાટકોપર હસ્તે શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી દ્વારા અતિ આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૧૨-૨-૨૦૧૨ રવિવારે સોનગઢમાં સાનંદ સંપન્ન થઈ.

*નિમંત્રક*
*શ્રી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી પરિવારના*
*જય જિનેન્દ્ર*

*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ કાં તો ઈ થાય એના ભગવાનનો ને કાં થાય રાગનો! ત્રીજી કોઈ ચીજ એની નથી, કાં થાય રાગનો, કાં થાય વીતરાગસ્વભાવનો, ત્રીજાનો ઈ થતો જ નથી. આમ વાત છે. ૫૯૭.

❀ અપના પરમેશ્વરકા જીવકો માહાત્મ્ય આતા નહીં. થોડા મંદ કષાય હો જાય ઉસકા માહાત્મ્ય આતા હૈ, થોડા શાસ્ત્રકા જ્ઞાન હો જાય તો ઉસકો લગતા હૈ મૈં બહોત જાનતા હૂં, થોડી ભેદવાળી શ્રદ્ધા હો જાય તો ઉસકો લગતા હૈ મેરી શ્રદ્ધા પક્કી હો ગઈ હૈ. અરે ભાઈ! યે પરલક્ષી જ્ઞાનાદિકી કુછ મહિમા નહિ હૈ. ઉસકી મહિમા સ્વભાવકી મહિમાકી દૃષ્ટિકો રોકતી હૈ. ૫૯૮.

❀ આ પૈસાવાળો અને આ સારા નિરોગ શરીરવાળો એમ ન જો, પણ આ કેવળી થઈ ગયા, આ પૂરણ થઈ ગયા અને મારે પર્યાયમાં હજુ અધૂરું છે એમ જો ને! ૫૯૯.

❀ આહાહા! જાતિસ્મરણજ્ઞાનમાં સામાનો પૂર્વદેહ જણાતો નથી, આત્મા જણાતો નથી, છતાં, નિર્ણય કરી લ્યે કે આ આત્મા જ સંબંધમાં હતો! આટલી તો જાતિસ્મરણની તાકાત! તો કેવળજ્ઞાનની કેટલી તાકાત હોય!! મતિજ્ઞાનની પર્યાય પણ આટલું નિરાલંબનપણે કામ કરે તો કેવળજ્ઞાનના નિરાલંબનપણાની શું વાત! ૬૦૦.

❀ પરમાણુ શુદ્ધ થયા પછી પાછો અશુદ્ધ થઈ જાય છે ને જીવ શુદ્ધ થયા પછી શુદ્ધ જ રહે છે. એટલે પરમાણુ બંધ સ્વભાવી જ છે અને જીવ મોક્ષ સ્વભાવી જ છે. પરમાણુમાં શુદ્ધ થવાની યોગ્યતા છે ને જીવમાં બંધ થવાની યોગ્યતા છે. ૬૦૧.

❀ ભાઈ! તારા ખીસ્સામાં બધું ભર્યું છે, કાઢીને ખા એટલી જ વાર છે! તારી શક્તિમાં અનંત જ્ઞાનાદિ ભર્યાં પડ્યા છે, કુતૂહલ કર! ૬૦૨.

❀ અહો! ૮૦ વર્ષની આયુવાળો ૨૦ વર્ષથી માંડી ૬૦ વર્ષ સુધી તે ભવની ચિંતા કરે છે, પરંતુ ૮૦ વર્ષ પછીનો જે સમય તેની જરીયે ચિંતા ન કરે એ તે કેવી ધીઠાઈ! ૮૦ વર્ષ પછીનો જે પહેલો સમય તે આખોય ભવ પણ એ જ આત્માનો છે. કાંઈ બીજા આત્માનો એ ભવ નથી. તડકા-છાયા વચ્ચે આંતરું નથી. તેમ બે ભવ વચ્ચે આંતરું નથી, માટે બીજા ભવની તો ચિંતા કર! ૬૦૩.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૧૨
અંક-૬ ✱ વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ❀ ક્રમબદ્ધ અને પુરુષાર્થ ❀

મૂળ બધાંને ક્રમબદ્ધમાં વાંધા છે. પણ સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય સ્વદ્રવ્યની સન્મુખતા વિના થતો જ નથી. સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે એવી જે જ્ઞાનની પર્યાયની શ્રદ્ધા બેસે છે તેને અંતર્મુખ થઈને અકર્તાપણું જાગે ત્યારે જ એ બેસે છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે એમ કહ્યું છે ને! જે કાળે જે દ્રવ્યનું જેમ પરિણમન થવાયોગ્ય છે તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્રદેવ-કેવળી પણ બદલી શકે નહિ, તેમ હું પણ ત્રણ કાળ ત્રણ લોકને જાણવાના સ્વભાવવાળો જ છું, રાગાદિનો કે કોઈનો કરનાર હું નહિ એવી શ્રદ્ધા થવામાં જ પુરુષાર્થ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org